# હિંમતનગરમાં પાગલ યુવાને પાઈપ મારતાં આધેડનું મોત

ભિલોડા,તા.૧૯

હિંમતનગરમાં દુર્ગા બજાર વિસ્તારમાં પાગલ યુવાને આધેડના માથાના ભાગે ધડાકાભેર પાઈપ



મારતા આધેડનું કરૂણ મોત નિપજ્યું હતું.રામપુર-જાબુંડી ગામના આધેડના પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.હિંમતનગર દુર્ગા બજાર વિસ્તારમાં પાગલ યુવાનએ ખુરશીમાં બેઠેલા આધેડને પાછળથી આવી એકા-એક માથાના ભાગે પાઈપ ધડાકાભેર મારતાં આધેડનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું.હિંમતનગર દુર્ગા બજાર વિસ્તારમાં આ બનાવના સંદર્ભે ભારે દોડધામ મચી જવા પામી હતી.હિંમતનગર પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ દુર્ગા બજાર વિસ્તારમાં પાટીદાર મોબાઈલ શોપનું ફર્નિચરનું કામકાજ ચાલતું હતું તે દરમ્યાન રમેશભાઈ પટેલ પાટીદાર મોબાઈલ શોપની બહાર ખુરશીમાં બેઠા હતા ત્યારે પાગલ યુવકે રમેશભાઈના માથાના ભાગે પાઈપ ધડાકાભેર મારતાં ગંભીર ઈજાઓ પહોંચતાં ઘટનાસ્થળે રમેશભાઈ લલ્લુભાઈ પટેલ,આશરે ઉંમર વર્ષ-૫૦,રહેવાસી.રામપુર-જાબુંડી,તા.હિંમતનગરનું કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.પાગલ યુવકએ પાઈપ માર્યા બાદ ઉભી પુંછડીએ ભાગતા પાગલ યુવકને અમુક લોકોએ ઝડપી લીધો હતો.હિંમતનગર પોલીસ સ્ટેશનમાં પોલીસને સોપ્યો હતો.હિંમતનગર પોલીસએ પાગલ યુવક વિરૂધ્ધ ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

# ડેમઈ ગામે જવેલર્સના પુત્રની કરપીણ હત્યા

## મૃતદેહ કોથળામાં નાખી ફેકી દેવાયો : છેલ્લા ૧૨ કલાકથી યુવાન ગુમ હતો : જવેલર્સના પુત્રની કરપીણ હત્યાથી સમગ્ર પંથકમાં ચકચાર






બાયડ, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના બાયડ પાસે આવેલા ડેમઈ ગામના સોની પરિવારનો ૨૭ વર્ષીય યુવક ગુમ થયો હતો. રાત્રે મસાલો ખાઈને ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ યુવાનની શોધખોળ આદરી હતી. પરંતુ યુવાનનો કોઈ જ પત્તો લાગ્યો ન હતો. અને બીજા દિવસે સવારે ડેમઈ નજીક આવેલા નદીના પુલ નીચેથી કોથળામાં પૂરેલી હાલતમાં યુવાનનો મૃતદેહ મળતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ હત્યા લુંટના ઈરાદે કરવામાં આવી છે કે કોઈ બિજા કારણે હત્યાનું રહસ્ય ઉકેલવા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બાયડ તાલુકાના ડેમાઈ ગામે આવેલ કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા જયેશભાઈ સોની પોતાના ગામમાં જ સોના ચાંદીના ઘરેણાની દુકાન ચલાવે છે.તેમનો દીકરો ધ્રુવ તારીખ ૧૮/૧૦/૧૬નાં રોજ રાત્રે જમ્યા પછી મસાલો ખાવા માટે ઘરેથી બજારમાં આવ્યો હતો. મસાલો ખાવા આવેલ ધ્રુવ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતાં પરીવાજનો દ્વારા તેની શોધખોળ આચરવામાં આવી હતી. પરંતુ ધ્રુવની કોઈ જ ભાળ મળી ન હતી. અને બિજા દિવસે સવારે ડેમઈથી થોડે દુર આવેલા અકે નાળા નીચે કોથળામાં પૂરેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતદેહ મળી આવ્યાના સમાચાર સમગ્ર પંથકમાં વાયુ વેગે પ્રસરતા લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. જે મૃતદેહ ડેમઈ ગામમાંથી રાત્રે ગુમ થયેલા ધ્રુવ સોની હોવાનું માલુમ પડતાં પરિવારજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. અને પરિવારજનોના માથે દુઃખનું આભ ફાટ્યું હોઈ તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. અને પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. ડેમઈથી થોડે દુર આવેલા નાળા નીચેથી કોથળામાં પૂરેલી હાલતમાં મૃતદેહ મળી હોવાના સમાચાર બાયડ પોલીસને થતાં બાયડ પોલીસ તાબડતોડ ઘટના સ્થળે પહોચી ગઈ હતી અને જીલ્લામાં જાણ કરાતાં જીલ્લા પોલીસ વડા, એલસીબી પોલીસ, એફએસએલ તેમજ ડોગ સ્કવોડ સહીત પોલીસનો કાફલો મોટા પ્રમાણમાં સ્થળ ઉપર પહોચી ગયો હતો. અને કોથળામાંથી મૃતદેહ બહાર કાઢીને તેની ઓળખ પરખ કરવાની તજવીજ હાથ ધરી દેવામાં આવી હતી. જેની ઓળખ ડેમઈના જ ધ્રુવ જયેશભાઈ સોનીની હોવાનું બહાર આવતાં પોલીસે મૃતકના પરિવારજનોની પણ પૂછપરછ હાથ ધરી હતી. અને કઈ રીતે મૃતકની હત્યા થઈ છે અને લુંટના ઈરાદે હત્યા થઈ છે ? કે પછી હત્યા પાછળનું કારણ શું છે ? તે જાણવા માટે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી.

પોલીસે સમગ્ર ઘટના સંદર્ભે હત્યાનો ગુનો નોધી આરોપીઓને ઝેલ હવાલે કરવા ચક્રો ગતિમાન કર્યા છે. અરવલ્લી જીલ્લામાં પોલીસ તંત્ર છેલ્લા ઘણા સમયથી ગુના ખોરીને ડામવામાં સફળ રહ્યું હતું, અને જેના કારણે ક્રાઈમે વિરામ લીધો હતો. પરંતુ બાયડતાલુકામાં બનેલી આ ચકચારી ઘટનાથી લોકોમા તો ભયનો માહોલ ઉભો થયો છે. પણ સાથે સાથે પોલીસની પણ ઊંઘ ઉડી છે. રાત દિવસ ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર આવેલ નાળા નીચેથી મળેલી આ મૃતદેહે અનેક સવાલો ઉભા કરી દીધા છે. ત્યારે જોવું એ રહ્યું કે સોની યુવકની થયેલી હત્યા પાછળનું કારણ શું લુંટ હતું. ? કે બીજું કઈ ? તે તો આવનારા સમયમાં પોલીસની કામગીરી જ બતાવશે. અને આરોપીઓ કેટલા સમય સુધી પોલીસ પકડથી દુર રહેશે તે આવનારો સમય જ બતાવશે.

### ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો

ડેમાઈ નજીક નાળા નીચે કોથળામાં મૃતદેહ હોવાના સમાચાર વાયુ વેગે પ્રસરતા ઘટનાની જાણ બાયડ પોલીસને થતાં પોલીસનાં ધાડેધાડા ઘટનાસ્થળ ઉપર પહોચી ગયા હતા. ઘટનાની ગંભીરતા જોતાં જીલ્લા પોલીસ વડા કે. એન. ડામોર, એલસીબી પીઆઈ જે.આર. ઝાલા, બાયડ સીપીઆઈ એચ.જે. બેન્કર તેમજ બાયડ પીએસઆઈ જાડેજા સહિતના પોલીસ અધિકારીઓનો કાફલો ડેમાઈ ખાતે દોડી આવી ઘટનાની ગંભીરતાપૂર્વક તપાસ હાથ ધરી હતી.

### એફએસએલ અને ડોગ સ્કવોડની મદદ લેવાઈ

ડેમાઈ નજીક આવેલ ગરનાળા નીચે કોથળામાં પેક કરેલ હાલતમાં એક મૃતદેહ મળી આવતાં બાયડ પોલીસ ઘટના સ્થળ ઉપર દોડી જઈ અને ઘટનાની ગંભીરતા જોતાં એફએસએલની ટીમ અને ડોગ સ્કવોડની મદદ લેવામાં આવી હતી.

### પ્રથમ નજરે લુંટના ઈરાદે હત્યા થઈ હોવાનું અનુમાન

ગત રાત્રીએ ડેમઈ ગામે રહેતા ધ્રુવ સોની બજારમાં મસાલો ખાવા ગયા હતા. પરંતુ રાત્રે મોડે સુધી ઘરે ન આવતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી. ત્યારે આજે સવારે કોથળામાં પેક કરેલી હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવતા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોચી જઈ મૃતદેહ કોથળામાંથી બહાર કાઢ્યો ત્યારે મૃતકના શરીર પર પહરેલા સોના ચાંદીના દાગીના ગુમ થયેલ હતા. પ્રથમ નજરે આ હત્યા લુંટ માટે કરાઈ હોવાનું અનુમાન લગાવી પોલીસે તે દિશામાં વધુ તપાસ આદરી છે.

# પ્રાંતિજ નજીક બે બળદ ભરી કતલખાને લઈ જવાતું ડાલુ પકડાયું

## વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ડાલુ પકડીને પોલીસને હવાલે કર્યુ ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકીઓ મળી




પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક બે બળદ ભરેલ ડાલુ વિશ્વ હિન્દુ પરિષદ ના યુવાનો દ્વારા પકડી પાડવામાં આવ્યું હતું અને પ્રાંતિજ પોલિસને શોપવામા આવ્યું હતુ ત્યારે પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી એકની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના અનવરપુરા પાસે બે બળદ ભરીને જઈ રહેલ ડાલા નં- જી.જે ૨૪૩૨માં બીનઅધિકૃત રીતે પરમીટનો ભંગ કરી બળદ નંગ -૨ અમદાવાદ કતલખાને લઈ જવાતાં હતાં તેના સમાચાર વિશ્વહિન્દુ પરિષદના યુવોનોને થતા સુનીલભાઈ કડીયા, નટુભાઈ બારોટ તથા અન્ય મિત્રોએ ભેગા થઈને ડાલુ પકડયું હતું ત્યારે સ્થળ ઉપરથી ડાલામાં સવાર એક ઈસમ ભાગી ગયો હતો જયારે ચાલક સહિત બે બળદ જેની કિંમત ૪૦,૦૦૦ ડાલાના કિંમત ૨,૬૦,૦૦૦ કુલ ૩,૦૦૦૦૦ નો મુદામાલ પકડીને પોલિસને શોપવામા આવ્યો હતો ત્યારે ફોન ઉપર ગાળો તથા જાનથી મારી નાંખવાની ધમકી પણ સુનીલભાઈ કડીયાને મળી હતી જયારે ડાલુ પોલીસ ને સોપવામાં આવ્યું હતું અને પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથધરી છે.

# ગોપાલકુંજ ગામ પાસે મારૂતી વાન એકાએક સળગી ઉઠી



ભિલોડા,તા.૧૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગોપાલકુંજ ગામ પાસે ગાંભોઈ-ભિલોડા ધોરીમાર્ગ ઉપર આવેલ ગોપાલકુંજ ગામ પાસે ગત મોડી રાત્રે એકા-એક મારૂતી વાન સળગી જતાં અંદર બેઠેલા ડ્રાઈવર સહિત મુસાફરનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો.મારૂતી વાન કાર અગમ્ય કારણોસર સળગી જતાં કાર ભસ્મીભુત થઈ ગઈ હતી.ગાંભોઈ-ભિલોડા ધોરીમાર્ગ ઉપર ગોપાલકુંજ ગામ પાસે ગત રાત્રે ટ્રાફીક ચક્કાજામ થઈ ગયો હતો. વાહનચાલકો, મુસાફરો ત્રાહિમામ થઈ ગયા હતા.

# ભિલોડા નવા ભવનાથમાં લખોટી રમતા બાળકો વચ્ચે મારા-મારી

ભિલોડા,તા.૧૯

ભિલોડા નવા ભવનાથ વિસ્તારમાં લખોટી રમતા બાળકો વચ્ચે મારા-મારી થતાં મામલો ગરમાતાં પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.રાયચંદભાઈના જણાવ્યા મુજબ ભિલોડા નવા ભવનાથ વિસ્તારમાં નયનાબેનના પુત્ર પૃથ્વી અને આડોશી-પાડોશીના નાના-નાના છોકરાઓ નવા ભવનાથ ચોકમાં લખોટી રમતા હતા ત્યારે કોઈ પણ કારણોસર પૃથ્વીને ગળદાપાટુનો માર માર્યો હતો.કમરએ બાંધવાના પટ્ટાથી માર મારતાં માસુમ બાળકએ બુમાબુમ કરતાં નવા ભવનાથના રહેવાસી કુંતલ કૌશીકભાઈ રાવલએ બિભત્સ મન ફાવે તેમ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો ગરમાયો હતો.જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યોહતો.ભિલોડા નવા ભવનાથ વિસ્તારના રહેવાસી વૈશાલીબેન મહેશભાઈ રાવલએ આ બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં કુંતલ કૌશીકભાઈ રાવલ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ કાર્યવાહી હાથ ધરી છે.

## ભિલોડા તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભમાં

# મલેકપુર પ્રાથમીક શાળાની ત્રણ ટીમો પ્રથમ ક્રમે ઝળકી



ભિલોડા, તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ ખેરંચા ગામની સૈનિક સ્કુલમાં યોજાયો હતો.મલેકપુર પ્રાથમીક શાળાની ત્રણ ટીમો પ્રથમ ક્રમે ઝળકી હતી.મલેકપુર ગામ અને મલેકપુર પ્રાથમીક શાળાનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.મલેકપુર પ્રાથમીક શાળાની ત્રણ ટીમોએ પ્રથમ સ્થાન મેળવી વિજેતા બન્યા હતા.એસ.એમ.સી.અધ્યક્ષ કે.એસ.ખરાડી,મલેકપુર પ્રાથમીક શાળા આચાર્ય ડી.આર.પરમાર,કોચ ભાનુમતીબેન ખરાડી,સ્ટાફ પરીવારએ વિદ્યાર્થી ખેલાડીઓને બિરદાવ્યા હતા.

# મોડાસામાં ખોડલ રથનું પાટીદાર સમાજે ભક્તિભાવપૂર્વક ઉષ્માભેર સ્વાગત કર્યું

## ગુજરાત ભાજપા પ્રમુખ જીતુભાઈ વાઘાણી સામાજીક મુલાકાતે

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં પાટીદાર સમાજના લોકોને ૨૧-૧-૨૦૧૭ના ભાજપાના હોદેદારો ખોડલ રથની ઉતારી ઉતારીમાંની આરાધનાનો લ્હાવો લીધો હતો. આવી પહોંચતા મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકોએ દર્શન કરી આરતી ઉતારી હતી. કાગવાડ




રોજ ખોડલ ધામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું નિમંત્રણ આપવા માટે પધારેલ ખોડલધામ રથ મોડાસા શહેરમાં પહોંચતા મોડાસા તેમજ આજુબાજુના વિસ્તારમાં રહેતા પાટીદાર સમાજ દ્વારા ભક્તિભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. ખોડલ રથના સ્વાગત અને જિલ્લામાં ખોડલ રથના સમાપન સામાજીક પ્રસંગમાં પ્રદેશ ભાજપા પ્રમુખ જીતુભાઈ વાઘાણી હાજર રહેતા પાટીદાર સમાજનો ઉત્સાહમાં વધારો થયો હતો. અરવલ્લી જિલ્લા

અરવલ્લી જિલ્લામાં નીકળવામાં આવેલી ખોડલ ધામ કાગવાડ ખાતે ૨૧-૧-૨૦૧૭ના રોજ ખોડલ ધામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું નિમંત્રણ આપવા માટે પધારેલ ખોડલ ધામ રથ બુધવારે મોડાસા શહેરમાં પહોંચતા મોડાસા સહયોગ ચોકડી ખાતે પાટીદાર સમાજના લોકોએ ઉપસ્થિત રહી ઉષ્માભેર ભવ્ય સ્વાગત કરી વાજતે-ગાજતે ખોડલ રથને કલ્યાણ ચોકમાં લઈ ગયા હતા.

કલ્યાણ ચોકમાં ખોડલ રથ ખાતે ૧૦૦ હેક્ટર જમીન પર ભવ્યાતી ભવ્ય અને દિવ્ય વિશાળ ખોડલ ધામ મંદિરનું ૨૦૧૧થી થઈ રહેલ મંદિરની કામગીરી હાલ પૂર્ણ થવાની આરે છે. અને ૨૧-૧-૨૦૧૭ના રોજ યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પાટીદાર સમાજના લોકોને નિમંત્રણ પાઠવતા ખોડલ રથ પાટીદાર સમાજવાડી પહોંચ્યો હતો.

આ સામાજીક પ્રસંગે ખોડલરથના જિલ્લા સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા પ્રદેશ ભાજપ પ્રમુખ દ્વારા પાટીદાર સમાજમાં સમાજ ભાવના પેદા થાય તેમજ પાટીદાર એકતા અંગે માર્ગદર્શન આપી ખોડલધામ દ્વારા પાટીદાર સમાજ માટે કરાતી પ્રવૃત્તિઓની વિશિષ્ટ સમજણ આપી હતી. ખોડલ રથના સ્વાગત કાર્યક્રમનું સંચાલન લેઉઆ પાટીદાર યુવા સંઘના સદસ્યો કમલેશભાઈ પટેલ, મનુભાઈ પટેલ, જશુભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ અને અમૃતભાઈ પટેલે તેમજ યુવા અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી જિલ્લા ભાજપા કાર્યાલયની મુલાકાત લીધી

ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સામાજીક પ્રસંગે ખોડલરથના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જીતુભાઈ વાઘાણીએ અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી. અરવલ્લી જિલ્લા ભાજપા



પ્રમુખ રણવીરસીંહ ડાભી સહિત જિલ્લાના ભાજપા પાર્ટીના હોદેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ભાજા પ્રદેશ પ્રમુખે ભાજપા પાર્ટીની વિચારધારા વિશે અને સામાજીક સમરસતા વિશે માર્ગદર્શન આપી શુભેચ્છા પાઠવી હતી.

# પ્રાંતિજ સહિત તાલુકામાં વૃક્ષો કટીંગ બે રોકટોક

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ



સહિત તાલુકામાં લીલાં વુક્ષોનું બે રોકટોક વુક્ષ છેદન પ્રવૃતિઓએ માજા મુકી છે ત્યારે જેની જવાબદારી છે તે નઠોર તંત્ર માત્ર હપ્તાની ચાદરમાં નિદ્રા માણી રહ્યું હોય તેમ જણાઈ આવે છે ત્યારે હાલ તો વુક્ષપ્રેમીઓમાં વુક્ષ છેદન પ્રવૃતિઓને લઈને રોષ જોવા મલ્યો છે.

પ્રાંતિજ તથા તાલુકામાં વુક્ષોનું બેરોકટોક છેદન ચાલી રહ્યું છે અને જયા હોય તે જગ્યાએ લીલાં વુક્ષો વગર મજુરીએ મન ફાવે તેમ લાકડાખાઉ કોન્ટ્રાકટર દ્વારા લીલાં વુક્ષોનું છેદન ચાલી રહ્યું છે ત્યારે હાલતો જેની જવાબદારી છે તે તંત્ર આંખે પાટા, કાને બહેરાશ અને મોઢામાં હપ્તાની ભુખના લીધે છેલ્લાં કેટલાય દિવસથી લીલવુક્ષોનું છેદન થઈ રહ્યું છે અને જાહેરમાં ખલ્લેઆમ રોજના ટ્રેકટરો, ટ્રકો ભરીને વૃક્ષો શો મીલોમાં ઠલવાય છે ત્યારે વુક્ષપ્રેમીઓમાં રોષ જોવાં મલ્યો છે અને જેની જવાબદારી છે તંત્ર અને વન વિભાગ સફાળે જાગે અને લાકડાંખાઉ આવા કોન્ટ્રાકટરોને પકડી ઝડપથી કાર્યવાહી થાય તેવી હાલ તો માંગ ઉઠવા પામી છે.

ત્યારે જોવાનું એ રહ્યું કે શું તંત્ર કોન્ટ્રાક્ટરો અને વુક્ષ છેદન પ્રવૃત્તિ કરનારા લોકોને દંડ સહિત કાર્યવાહી હાથ ધરશે કે કેમ એ તો જોવાનું રહ્યું.

# ખેલ મહાકુંભમાં શુટીંગ બોલ રમતમાં બાયડ ટીમ પ્રથમ સ્થાને વિજેતા

બાયડ, તા. ૧૯

બુધવાર તા. ૧૯ના રોજ માલપુર પી.જે. મહેતા હાઈસ્કૂલ ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં યોજવામાં આવી હતી. જેમાં કુલ ૫ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. બાયડની ટીમે શુટીંગ બોલ રમતમાં ભાગ લીધો હતો. જેમાં બાયડની ટીમમાંથી હાર્દિક પટેલ, જતિન પટેલ, વીરેન ચૌધરી,. ચૌધરી સાગર, પટેલ તેજસ તેમજ પટેલ તેજસ (ઉર્ફે બોમ્બે) પ્રથમ સ્થાન મેળવી વિજેતા બનેલ છે. બાયડનું ગૌરવ વધારેલ છે.